# અક્રમ યુથ

સપ્ટેમ્બર ૨૦૧૯ ગુજરાતી
દાદા ભગવાન પરિવાર
₹ 20



# અનુક્રમણિકા


મોહ એટલે શું? 4
અક્રમ પીડિયા 6
મોહનો વંશવેલો 9
મોહનું સ્વરૂપ 10
ક્રુઝ ટ્રીપ 12
જ્ઞાનીની વૈજ્ઞાનિક દ્રષ્ટિએ 14
15 યુથ એક્સપિરિયન્સ
16 વસ્તુના સ્પર્શે સ્ફૂરે મોહ
18 મોહના રંગે
20 જ્ઞાની વિથ યુથ
23 #કવિતા



વર્ષ: ૭, અંક : ૦૫
સળંગ અંક : ૭૭
સપ્ટેમ્બર ૨૦૧૯



**સંપર્ક સૂત્ર :**
જ્ઞાનીની છાયામાં,
ત્રિમંદિર સંકુલ, સીમંધર સીટી,
અમદાવાદ-કલોલ હાઇવે,
મુ.પો. - અડાલજ
જી.ગાંધીનગર-૩૮૨૪૨૧, ગુજરાત.
ફોન : (૦૭૯) ૩૯૮૩૦૧૦૦

email: akramyouth@dadabhagwan.org
website: youth.dadabhagwan.org
store.dadabhagwan.org/akram-youth



**તંત્રી** - ડિમ્પલ મહેતા

**Printer & Published by**
Dimple Mehta on behalf of
Mahavideh Foundation
Simandhar City, Adalaj -
382421. Taluka & Dist - Gandhinagar

**Owned by**
Mahavideh Foundation
Simandhar City, Adalaj -
382421. Taluka & Dist - Gandhinagar

**Published at**
Mahavideh Foundation
Simandhar City, Adalaj -
382421. Taluka & Dist - Gandhinagar

**Printed at : Amba Offset**
B-99, GIDC, Sector-25,
Gandhinagar – 382025. Gujarat.

Total 24 Pages with Cover page


## Subscription

Yearly Subscription
India :200 Rupees
USA: 15 Dollars
UK: 12 Pounds
5 Years Subscription
India : 800 Rupees
USA: 60 Dollars
UK: 50 Pounds
In India, D.D. / M.O. should be drawn
in favour of "Mahavideh Foundation"
payable at Ahmedabad.


© 2019, Dada Bhagwan Foundation.
All Rights Reserved



# સંપાદકીય

**વ્હાલા મિત્રો,**

''મોહ ખવડાવે માર'' આપ સૌએ આ ગુજરાતી કહેવત તો અનેક વાર સાંભળી હશે. પણ મોહ કોને કહેવો? અવનવા કપડાં પહેરવાનો, ફરવા જવાનો, સિનેમા જોવાનો, હોટેલમાં ખાવા જવાનો, ટી.વી. જોવાનો, કોમ્પ્યુટર અને મોબાઈલ પર ગેમ રમવાનો, વગેરે, વગેરે... આ સૂચી તો ઘણી લાંબી થઈ શકે. આ બધા મોહના જ પ્રકાર છે અને આપણે મોહના મહાસાગરમાં જ ડૂબેલા છીએ. તમને લાગતું હશે કે આ તો અમારી રોજિંદી પ્રવૃત્તિઓ છે એને કઈ રીતે મોહ કહી શકાય?

પણ આપણી દરેક ક્રિયા એક અથવા બીજા મોહને વશ થઈને થતી હોય છે. આશ્ચર્યની વાત એ છે કે આપણને તેની ખબર સુધ્ધા પડતી નથી. હવે જ્યારે મોહની જ ખબર પડતી નથી તો સ્વાભાવિક છે કે આ મોહ શું માર ખવડાવે છે તે તો ન જ ખબર પડે. અક્રમ યુથનો આ અંક મોહને વશ થઈ આપણને કેવા કેવા માર ખાવા પડે છે તે સમજવાનો અને કઈ રીતે મોહની જાળમાં ન ફસાઈને મુક્તિના આનંદમાં રહી શકાય એવી સમજણ કેળવવાનો એક વિનમ્ર પ્રયાસ છે...

- ડિમ્પલ મહેતા

# મોહ એટલે શું?

મિત્રો, ચાલો એક ગેમ રમીએ.

**સ્ટેપ ૧:** ક્રિકેટ બેટ અથવા બેઝબોલનું બેટ લો.

**સ્ટેપ ૨:** તમારી આજુ-બાજુ એક નાનું સર્કલ બનાવો અને સર્કલથી ૧૫ સ્ટેપ્સ દૂર કોઈ વસ્તુ, ભગવાનની મૂર્તિ કે તમારો ગોલ (લક્ષ્ય) મૂકો.

**સ્ટેપ ૩:** હવે, ચિત્રમાં બતાવ્યા પ્રમાણે, તમે જે નાનું સર્કલ બનાવ્યું છે તેમાં ઊભા રહો.

**સ્ટેપ ૪:** ચિત્રમાં બતાવ્યા પ્રમાણે, બેટને કપાળે અડાડી, આંખ બંધ કરીને એ જગ્યાએ જ ૧૦ રાઉન્ડ ફરો.

**સ્ટેપ ૫:** ૧૦ રાઉન્ડ થઈ જાય એટલે ફરવાનું બંધ કરી, આંખ ખોલીને તરત જ ૧૫ સ્ટેપ્સ દૂર તમે જે વસ્તુ મૂકી છે તેને અડો.

શું તમે એ ૧૫ સ્ટેપ્સ ચાલી શક્યા???








જેમ આપણે બેટ પર જ બધું ધ્યાન કેન્દ્રિત કરીને એની જ પાછળ ફર્યા, તેમ આપણે જીવનમાં પૈસા, ગર્લફ્રેન્ડ, બોયફ્રેન્ડ, કીર્તિ, પદવી, સત્તા, વગેરેની ફરતે પ્રદક્ષિણા કરીએ છીએ. અને એ ફરતાં-ફરતાં આપણે એવાં ચક્કરે ચઢીએ છીએ કે અધ્યાત્મ, માનવતા અને સુખ-શાંતિ સુધી પહોંચવામાં અસમર્થ થઈ જઈએ છીએ.

આ મોહરૂપી દારૂ આપણને એટલો ચઢી જાય છે કે આંખો હોવાં છતાંય સત્ય જોઈ નથી શકતાં.

મોહ એટલે શું?? ચંદુભાઈ આમ ખરેખરા સારા માણસ દેખાય છે, પણ એક શીશી (દારૂ) પાઈ દીધી હોય તો? 'હું રાજા છું, હું આમ છું ને તેમ છું' બોલે, તો આપણે જાણીએ ને કે ચઢી હવે. એ મોહ ચઢ્યો કહેવાય, એનું નામ જ મોહ.

મોહ એટલે બેભાનપણું. બેભાનપણું એટલે ''પોતે' કોણ છે તે નહીં જાણવું તે.'જે છે તે' દેખાતું નથી અને 'જે નથી તે' દેખાય છે, એનું નામ જ મોહ.

આમ મોહને ભ્રાંતિ, આંધળાપણું , બેભાનપણું, ઘોર અંધારું, મીઠાશ(ભ્રાંતિની) જેવા અનેક ઉપનામો આપવામાં આવ્યા છે.



15 feet



# અક્રમ પીડિયા

# મોહ કે પ્રેમ?

**નામ :** આયુષ મહેતા
**ઉંમર :** ૧૯ વર્ષ

હેલો ફ્રેન્ડ્સ,

તમને મારા લખેલા બ્લોગ્સ વાંચવા ગમતા હશે એ આશા સાથે આજે ફરીથી હું કંઇક લઈને આવ્યો છું.

છ એક મહિના પહેલાંની વાત છે. હું અને મારો કૉલેજ ફ્રેન્ડ કૃતાર્થ, લટાર મારવા જુહુ બીચ પર ગયા. મળતાંની સાથે જ એણે ધડાકો કર્યો, અમારી ક્લાસમેટ વૃંદાનો ફોટો બતાવીને એણે કહ્યું, ''*આઈ લવ હર.*''

હું કંઈ પણ પ્રતિક્રિયા આપું એ પહેલાં એણે કહ્યું, ''*છ મહિનાથી અમે બંને રીલેશનમાં છીએ. અત્યાર સુધી અમે કોઈને નહોતું કહ્યું પણ,આજે તને કહું છું.*''
''એટલે તું એના માટે સીરીયસ છે કે જસ્ટ એમ જ?'' મેં ધીમેથી પૂછ્યું. મારો સવાલ સાંભળતાં જ એ અકળાઈ ઊઠ્યો.

''તું મને પહેલાં એ કહે કે 'પ્રેમ' એટલે શું?'' અને તને એવું કેમ લાગે છે કે, તમને એક બીજા માટે 'જે' છે એ 'પ્રેમ' જ છે?'' મેં એના ગુસ્સાને અવગણીને બીજો સવાલ પણ પૂછી જ લીધો.

''દોસ્ત, પ્રેમ એટલે આખો દિવસ એની જ યાદ આવવી, એને શું ગમશે અને શું નહિ ગમે એ વિચારવું અને એ મુજબ જ વર્તવું. એનું દુ:ખ પોતાનું દુ:ખ લાગવું....'' કૃતાર્થે વધુમાં ઉમેર્યું, ''તને ખબર છે હું એને ફરવા લઈ જાઉં, એની મનગમતી વસ્તુ લઈ આપું ત્યારે એના ચહેરા ઉપરનું સ્મિત જોઈને મારો દિવસ સુધરી જાય. ગુડ મોર્નિંગ-ગુડ નાઈટ ના મેસેજથી લઈને શું ખાધું ? શું પીધું ? શું પહેર્યું ? દરેક નાનામાં નાની વાત અમે એકબીજાને શેર કરીએ. હવે તું જ કહે કે આ પ્રેમ નથી?''

''તને સાચે લાગે છે કે આ 'પ્રેમ' છે? અને તને કેવી રીતે ખબર કે વૃંદા પણ તારા માટે સીરીયસ જ છે?''

''વૃંદાએ જ કહ્યું છે અને મને તેની વાત પર વિશ્વાસ છે.'' કૃતાર્થે મક્કમતાથી કહ્યું.

''જો દોસ્ત, તને ખુશ જોઈને મને આનંદ થાય જ . બસ, મને તારું દિલ તૂટી ન જાય એનો ડર છે.

આપણા સિનીયર અનીષ અને રાધાનું કેવું થયું એ આપણને ખબર જ છે ને. બિચારો અનીષ ડીપ્રેશનમાં આવી ગયો છે. હું એમ નથી કહેતો કે તમારા કેસમાં પણ આવું જ થશે પણ તું પહેલાં ચકાસી જો કે જેને માટે તું આટલું બધું વિચારી રહ્યો છે એ આ લાગણીને લાયક છે કે નહીં?'' મેં તેને સલાહ આપતાં કહ્યું.

કૃતાર્થે કોઈ પ્રતિભાવ ન આપ્યો એટલે મેં મારા મોબાઈલમાં દાદાની ઈ-બુક ખોલી એને વાંચવા આપી....

E-Book




# મોહમાં દગો-ફટકો !

બહુ માર ખાય ત્યારે જે મોહ હતોને, તે મોહ છૂટી જાય બધો. ખાલી મોહ જ હતો. તેનો જ માર ખા ખા કર્યો.

**પ્રશ્નકર્તા** : મોહ અને પ્રેમ આ બન્નેની ભેદરેખા શું છે ?

**દાદાશ્રી** : આ ફૂદું છે ને, આ ફૂદું દીવાની પાછળ પડી અને યાહોમ થઈ જાય ને ? એ પોતાની જિંદગી ખલાસ કરી નાખે છે, એ મોહ કહેવાય. જ્યારે પ્રેમ એ ટકે, પ્રેમ ટકાઉ હોય, એ મોહ ના હોય. મોહ એટલે 'યુઝલેસ' જીવન. એ તો આંધળા થવા બરાબર છે. આંધળો માણસ ફૂદાંની પેઠ ફરે અને માર ખાય એના જેવું અને પ્રેમ તો ટકાઉ હોય, એમાં તો આખી જિંદગીનું સુખ જોઈતું હોય. એ તાત્કાલિક સુખ ખોળે એવું નહીં ને !

એટલે આ બધા મોહ જ છે ને ! મોહ એટલે ઉઘાડા દગા-ફટકા. મોહ એટલે હંડ્રેડ પરસેન્ટ દગા નીકળેલા.

**પ્રશ્નકર્તા** : પણ આ મોહ છે ને આ પ્રેમ છે એવું સામાન્ય જનને કેવી રીતે ખબર પડે ? એક વ્યક્તિને સાચો પ્રેમ છે કે આ એનો મોહ છે એવું પોતાને કઈ રીતે ખબર પડે ?

**દાદાશ્રી** : એ તો ટૈડકાવીએ ત્યારે એની મેળે ખબર પડે. એક દહાડો ટૈડકાવીએ અને એ ચિડાઈ જાય એટલે જાણીએ ને કે આ યુઝલેસ છે ! પછી દશા શું થાય ? એના કરતાં પહેલેથી ખખડાવીએ. રૂપિયો ખખડાવી જોઈએ, કલદાર છે કે બહેરો છે એ તરત ખબર પડી જાય ને ? કંઈ બહાનું ખોળી કાઢી અને ખખડાવીએ. અત્યારે તો નર્યા ભયંકર સ્વાર્થો ! સ્વાર્થના માટે હઉ કોઈ પ્રેમ દેખાડે. પણ એક દહાડો ખખડાવી જોઈએ તો ખબર પડે કે આ સાચો પ્રેમ છે કે નહીં ?

**પ્રશ્નકર્તા** : સાચો પ્રેમ હોય ત્યાં કેવું હોય, ખખડાવે તોય ?

**દાદાશ્રી** : એ ખખડાવે તો ય શાંત રહીને પોતે એને નુકસાન ન થાય એવું કરે. સાચો પ્રેમ હોય ત્યાં ગળી જાય. હવે, સાવ બદમાશ હોય ને તો એય ત્યાં ગળી જાય.

કૃતાર્થે વાંચીને મોબાઈલ મને પાછો આપતાં કહ્યું, ''સારું, તો બોલ આગળ શું કરવું છે?''

અમે બંને ભેગા થઈને નક્કી કર્યું કે એક મહિના માટે કૃતાર્થ વૃંદા સાથે ફોન પર જરૂર પૂરતી જ વાતો કરશે અને થોડા દિવસોમાં વેલેન્ટાઈન્સ ડે આવે છે ત્યારે કૃતાર્થ કોઈ ગીફ્ટ આપવાનું, ફરવા જવાનું કે બીજા કોઈ ખોટા ખર્ચા નહિ કરે. અને અમે બંનેએ એક મહિના પછી આ જ જગ્યાએ મળવાનું નક્કી કર્યું.

મહિનો પૂરો થતાં અમે બંનેય નક્કી કરેલી જગ્યાએ ભેગા થયા.

કૃતાર્થ મુડમાં ન હોય એવું લાગ્યું. એણે કહ્યું, ''મેં મહિના સુધી આપણે નક્કી કર્યું હતું એમ જ કર્યું. વેલેન્ટાઈન્સ ડે ના દિવસે મેં એને ગીફ્ટ ન આપી એટલે એ તો રીસાઈ ગઈ. એનો મુડ ઠીક કરવા હું એને શોપિંગ કરાવવા લઈ ગયો. એને ૨૫૦૦ રૂ. નો ડ્રેસ ગમ્યો. મેં એને જ્યારે કહ્યું કે મારી પાસે અત્યારે ૧૫૦૦ રૂ. છે. ૧૦૦૦ રૂ. તું આપી દે. તો એ ડ્રેસ ફેંકીને ત્યાંથી ચાલી ગઈ. એ પછી બે દિવસ સુધી એણે મારા ફોન કે મેસેજના કોઈ જવાબ જ ન આપ્યા. કૉલેજમાં હું એની સાથે વાત કરવા ગયો તો મારા પર આક્ષેપો કર્યા કે, હું તેને ઈગ્નોર કરું છું, મને કોઈ બીજી ગમી ગઈ છે. મેં તેને ઘણું સમજાવવાની કોશિશ કરી કે, ''આપણે એકબીજાને પ્રેમ કરીએ છીએ. આપણે સમજણથી એકબીજાના મનને સાચવીને નોર્માલીટીમાં રહીએ તો કેવું સારું! શોપિંગ, હરવું-ફરવું કે એકબીજા સાથે બધી વાતો કરવી એ જ પ્રેમ નથી.''

મારી આ વાત સાંભળીને તેના ગુસ્સાનો પાર ન રહ્યો. તેણે કહ્યું, ''તું કેટલો પૈસા વાળો છે, એ બધાં જાણે છે અને છતાંય મને એક ડ્રેસ લઈ આપવામાં તને પ્રોબ્લેમ છે? સારું છે તારી કંજૂસાઈની મને અત્યારથી ખબર પડી ગઈ. તારા કરતાં તો અમન સારો. હું રડું એ એને જરાય નથી ગમતું. મને ખુશ રાખવા તો એ રાત-રાત જાગીને મારી સાથે વાતો કરે છે...'' આ વાક્ય સાંભળતાં જ હું કંઈ જ કહ્યા વગર ત્યાંથી ચાલી નીકળ્યો. બે-ત્રણ દિવસમાં જ સમાચાર મળ્યા કે વૃંદા-અમન હવે સાથે ફરે છે.''

કૃતાર્થ માટે મને ઘણું દુ:ખ લાગ્યું. મને ખબર ન પડી કે મારે એને શું કહેવું જોઈએ. પણ, એક વાતની ખુશી પણ હતી કે એને પ્રેમ અને મોહ વચ્ચેની ભેદરેખા સમજાઈ ગઈ હતી અને મોહના બેઝ પર બનતા રીલેશનથી તે બચી ગયો હતો.

**તું કેટલો પૈસા વાળો છે, એ બધાં જાણે છે અને છતાંય મને એક ડ્રેસ લઈ આપવામાં તને પ્રોબ્લેમ છે? સારું છે તારી કંજૂસાઈની મને અત્યારથી ખબર પડી ગઈ. તારા કરતાં તો અમન સારો. હું રડું એ એને જરાય નથી ગમતું. મને ખુશ રાખવા તો એ રાત-રાત જાગીને મારી સાથે વાતો કરે છે...**

# મોહનો વંશવેલો




**મોહના બે દીકરા રાગ અને દ્વેષ.**

**રાગ-દ્વેષ :** ગમતી વસ્તુ,વ્યક્તિ કે પરિસ્થિતિમાં ચિત્ત ચોંટે તો રાગ થાય અને ન ગમતી વસ્તુ,વ્યક્તિ કે પરિસ્થિતિમાં ચિત્ત ચોંટે તો દ્વેષ થાય. જ્યાં-જ્યાં રાગ વધારે ત્યાં માયા અને લોભ વધે અને દ્વેષ વધારે ત્યાં ક્રોધ અને માન વધે.

**માયા-લોભ :** ગમતું ગમે તેટલું મળે છતાં મેળવવાની ભૂખ ન મટે તે લોભ અને ગમતું સારું છે કે ખરાબ એનો વિવેક જતો રહે અને ગમતામાં સુખ ન હોવા છતાં એમાં સુખનું આરોપણ કરીને માન્યતાનું સુખ ઊભું કરે એ માયા.

**ક્રોધ-માન :** ન ગમતું આવી પડે ત્યારે કશું કરી શકે નહિ તો ક્રોધ થાય અને *''હું કંઈક વિશેષ છું''*...એવી માન્યતાને માન કહેવાય છે.

***મોહના તો અનંત પ્રકાર છે. તેનો પાર આવે તેમ નથી. એક મોહ છોડવા લાખ અવતાર લેવા પડે તેવું છે. મનુષ્યપણું એ તો મોહનું સંગ્રહસ્થાન જ છે !***



# મોહનું સ્વરૂપ

હસતાં-રમતાં રમણકાકાના આંગણામાંથી આજે રોકકળ અને હૈયાફાટ રુદન સંભળાય છે. સી-૫૮ ની સાથે આખી સુંદરવન સોસાયટી પણ શોકમાં ડૂબી ગઈ છે. આખુંય ઘર 33 વર્ષીય આકાશના શબને જોઈને દુ:ખી થઈને ભયંકર આક્રંદ કરી રહ્યું છે.

યુવાન દીકરાની અંતિમ ક્રિયાનો સમય થઈ ગયો છે. પરંતુ, તેઓને વર્ષોથી જે સ્વામીજી પર આસ્થા છે તેમની રાહ જોઈ રહ્યા છે.

ઘરમાં દાખલ થતાં જ સ્વામીજીએ આખા પરિવારને શોકમગ્ન હાલતમાં જોયો. તેમને જોતાં ઉમા વધારે જોરથી રડવા લાગી,

‘‘સ્વામીજી, જુઓને આમને શું થઈ ગયું... મને મૂકીને જતા રહ્યા... મારું અને ધ્યાનનું હવે કોણ??? ના, હું આવી રીતે તેમને અમને મૂકીને નહિ જવા દઉં. હું ગમે તે કરીને પણ તેમને પાછા લાવીશ.’’

ત્યાં જ બા-બાપુજીએ ખૂબ કરુણ સ્વરે હાથ જોડતાં કહ્યું, ‘‘અમારો દીકરો... આકાશ... ઉંમર જ શું હતી એની? તમે કંઈક કરોને સ્વામીજી... તમે ગમે તે કરીને મારા દીકરાને પાછો લઇ આવો...’’ કહેતા-કહેતા બાપુજી, સ્વામીજીના પગમાં પડી જાય છે.

આ બધું જોઈને ધ્યાન પણ જોર-જોરથી રડવા લાગે છે. સ્વામીજી સાંત્વના આપવાના ખૂબ પ્રયત્નો કરે છે પણ વ્યર્થ... આ આઘાત જીરવવો એટલો સહેલો તો નથી જ ને!

છેવટે સ્વામીજીએ કહ્યું, ‘‘મને એક ગ્લાસમાં પાણી આપો.’’

પાણી લઈ તેઓ આકાશના મૃતદેહની બાજુમાં બેસી જાય છે અને મંત્રોચ્ચાર કરવા લાગે છે. થોડીવાર બાદ તેઓ કહે છે, ‘‘જે કોઈપણ ઇચ્છતું હોય કે આકાશ પુનર્જીવિત થઈ જાય તે આ પાણી પી જાય. પાણી પીતાંની સાથે જ આકાશ પુનર્જીવિત થઈ જશે, પણ જેણે પાણી પીધું હશે તે મૃત્યુ પામશે.’’

સ્વામીજીની વાત સંભાળતા જ વાતાવરણમાં ચુપકીદી છવાઈ ગઈ. ‘‘ચાલો કોણ તૈયાર છે પાણી પીવા? આવી જાઓ જલદી...’’

બધાં એકબીજાની સામે જોવા લાગ્યા પણ કોઈ આગળ ન આવ્યું.

સ્વામીજીએ બાપુજી પાસે જઈને પૂછ્યું, ‘‘તમે તમારા દીકરા માટે તમારો જીવ આપી શકશો?’’ ઘરડાં બાપુજી કહે છે, ‘‘હું તો આ ઘરનો વડીલ છું. મારે બધાંનું ધ્યાન રાખવાનું છે. હું જતો રહીશ તો આ બધાંનું ધ્યાન કોણ રાખશે?’’

**જે કોઈપણ ઈચ્છતું હોય કે આકાશ પુનર્જીવિત થઈ જાય તે આ પાણી પી જાય. પાણી પીતાંની સાથે જ આકાશ પુનર્જીવિત થઈ જશે, પણ જેણે પાણી પીધું હશે તે મૃત્યુ પામશે**

સ્વામીજીએ પ્રશ્નાર્થ નજરે બા સામે જોયું ત્યાં બા બોલ્યા, ‘‘સ્વામીજી, મારી દીકરી ગર્ભવતી છે. હવે, મહિના માટે રોકાવા પણ આવવાની છે. જો હું જતી રહું તો એની અને આવનારા બાળકની સંભાળ કોણ લેશે? તમે ઉમાને જ પૂછો એ ‘‘ગમે તે કરીશ’’ કહેતી હતી ને. તેને જ પૂછો.’’

સ્વામીજી થોડું મલકાયા અને જ્યાં તેઓ ઉમા સામે જુએ છે ત્યાં જ ઉમા ગભરાઈને બોલી, ‘‘મારે મારા દીકરા માટે જીવવું પડે ને. હું મરી જાઉં તો એને કોણ જુએ? એને મારી જરૂર છે. મહેરબાની કરીને મને આ બલિદાન આપવા ન કહો.’’

આખરે સ્વામીજીએ ધ્યાન પાસે જઈને પૂછ્યું, ’’બોલ બેટા, તું તારા પિતા માટે તારો જીવ આપીશ?’’ ધ્યાન કંઈ બોલે એ પહેલાં ઉમા તેને છાતી સરસો ચાંપતાં બોલી, ‘‘તમે આટલા ક્રૂર કેવી રીતે બની શકો? એની ઉંમર તો જુઓ. હજી એણે દુનિયા જોઈ પણ નથી. તમે આ વિચારી પણ કેવી રીતે શકો?’’

સ્વામીજીએ કહ્યું, ‘‘લાગે છે તમારા બધાની આ દુનિયામાં ખરેખર ખૂબ જરૂર છે. ખાલી આકાશની જ જરૂર ન હતી માટે ભગવાને તેને જ બોલાવી લેવાનું નક્કી કર્યું. સારું ત્યારે ચાલો અંતિમક્રિયા પતાવીએ. મોડું થઈ રહ્યું છે.’’

‘આ સંસારમાં દરેક વ્યક્તિ અંદરખાને માત્ર અને માત્ર પોતાના માટે જ વિચારે છે, બીજા કોઈ માટે નહિ. આ જ જીવનનું સત્ય છે. આ જ મોહનું સ્વરૂપ છે! શું પોતાની જાત પ્રત્યેનો મોહ બીજા સાંસારિક મોહ કરતાં પણ ચઢિયાતો છે ?’ એમ વિચારતાં-વિચારતાં સ્વામીજી ઘરની બહાર નીકળે છે.

# ક્રુઝ ટ્રીપ



**ચાલો ફ્રેન્ડ્સ...** કમ ઓન... જલદી પેકિંગ કરો...આપણે 15 દિવસની ક્રુઝમાં જવાનું છે. ક્રુઝમાં ઘણું બધું હશે, જેમકે, ડાન્સ ક્લબ્સ, મુવી થિયેટર, સ્પોર્ટ એરિયા, ફૂડ કોર્ટ, સ્વીમીંગ પુલ અને બીજું-બધું. આપણે ખૂબ મજા માણીશું. તો ચાલો, આપણે કઈ-કઈ વસ્તુઓ લઈ જઈશું તેનું ચેક લીસ્ટ બનાવીએ.

પાંચ દિવસથી બધા ક્રુઝ ઉપર ખૂબ આનંદ કરી રહ્યા હતા ત્યાં જ સૂચના મળે છે કે, જહાજ મોટી હિમશીલા સાથે અથડાયું છે, એમાં મોટી તિરાડ પડી ગઈ છે. રડાર સિસ્ટમમાં ખરાબી આવવાથી કેપ્ટન હિમશીલાને ડિટેક્ટ ન કરી શક્યા. હવે, ક્રુઝ દરિયાના એવા એરીયામાં છે કે, જ્યાં સિગ્નલ્સ નથી મળી રહ્યા. બચવા માટે નાની બોટનો ઉપયોગ કરવાનો છે અને નજીકના આઈલેન્ડ પર પહોંચવાનું છે. જહાજ ખાલી કરવા માટે એક કલાકનો સમય છે. બોટમાં વધુ લોકોને સમાવી શકાય અને વધુ વજન ન થાય તેના માટે જરૂરિયાતની કોઈ પણ ૧૦ વસ્તુઓ જ સાથે લઈ જઈ શકીશું. દરેકને વિનંતી છે કે, એવી વસ્તુઓ સાથે લેવી જે ખૂબ જરૂરી હોય અને ઉપયોગી નીવડે. કારણ કે, આગલા ૧૦ દિવસ સુધી મદદની કોઈ આશા નથી. આઈલેન્ડના જંગલમાં વરસાદ પડી શકે છે અને જમવા માટે કશું મળશે કે નહીં તેની કોઈ જાણકારી નથી.

*ચાલો, હવે બનાવીએ આઈલેન્ડ પર લઈ જવાની વસ્તુઓનું લીસ્ટ.*
*ફ્રેન્ડ્સ, મારું લીસ્ટ કઈંક આવું હોઈ શકે .*








**ફર્સ્ટ એઈડ કીટ**

**સેફ્ટી જેકેટ**

**પાણીની બોટલ**

**ફૂડ આઈટમ્સ**

**જરૂરી ડોક્યુમેન્ટ (પાસપોર્ટ વગેરે)**

**ટોર્ચ**

**જરૂરી કપડાં**

**છત્રી**

**વોટર પ્રૂફ બેગ**

**મોબાઈલ**








ક્રુઝ માટે ઘરેથી નીકળ્યા ત્યારે વસ્તુઓનું લીસ્ટ કંઈક અલગ હતું. કદાચ આઈલેન્ડ પર વધારે વસ્તુઓ લઈ જવાની 'હા' હોત તો આપણે બધી જ વસ્તુઓ સાથે લેત. પણ, જયારે ૧૦ જ વસ્તુઓ લેવાની થઇ ત્યારે ઘણી વસ્તુઓ બિનજરૂરી લાગી.

ખાવા-પીવાનું, કપડાં એ આવશ્યક ચીજો કહેવાય ને એ સિવાયની અનાવશ્યક, જેની કંઈ જરૂરિયાત નથી.

આવી જ રીતે આપણા જીવનમાં પણ, બિન જરૂરી વસ્તુઓ હોય છે કે જેને આપણે આપણા મોહને લઈને મૂકી નથી શકતા અને જરૂરી વસ્તુઓને અવગણીએ છીએ. તો ચાલો, આપણા જીવનમાં આવશ્યક/અનાવશ્યક શું છે તે જાણીએ.

**તો ચાલો, આ વિષે દાદાશ્રી શુ કહે છે...**



# જ્ઞાનીની વૈજ્ઞાનિક દ્રષ્ટિએ

### ઉતારી નાખો ભાવ અનાવશ્યક પરથી

એટલે આ સંસારમાં આવશ્યક ચીજ કઈ ને અનાવશ્યક કઈ, તે નક્કી કરી લેવું. આવશ્યક એટલે અવશ્ય જરૂર પડે જ અને અનાવશ્યક તો માથે લીધેલું, મોહને લઈને. હવે અનાવશ્યક ઓછા થાય એવાય નથી. કોઈ કહેશે, મારે ઓછાય કરવા છે પણ થતા નથી. છોકરાંની વહુ બૂમાબૂમ કરે છે, ઘરમાં બૈરી કચકચ કર્યા કરે છે. પણ મનમાં એટલો ભાવ હોય કે મારે ઓછા કરવા છે. એટલો ભાવ થાય તોય બહુ થઈ ગયું.

એવું છે ને, આપણે જિંદગીમાં આવશ્યક અને અનાવશ્યક બેનું લિસ્ટ બનાવવું જોઈએ. આપણા ઘરમાં દરેક ચીજો જોઈ લેવી અને આવશ્યક કેટલી અને અનાવશ્યક કેટલી. અનાવશ્યક ઉપરથી ભાવ ઉતારી નાખવો અને આવશ્યક જોડે તો ભાવ રાખવો જ પડે, છૂટકો જ નથીને !

જેટલું વધારે અનાવશ્યક એટલી વધારે ઉપાધિ. આવશ્યકેય ઉપાધિ છે છતાંય ઉપાધિ ગણાય નહીં, જરૂરિયાત છે એટલે. પણ અનાવશ્યક એ બધી ઉપાધિ.

### આવશ્યકનો નિયમ શું ?

એક જમીનદાર મારી પાસે આવ્યો. તે મને પૂછવા લાગ્યો કે 'જીવન જીવવા માટે કેટલું જોઈએ ? મારે ઘેર હજાર વીઘા જમીન છે, બંગલો છે, બે મોટરો છે ને બેંક બેલેન્સ પણ ખાસ્સું છે, તો મારે કેટલું રાખવું ?' મેં કહ્યું, 'જો ભાઈ, દરેકની જરૂરિયાત કેટલી હોવી જોઈએ તેનો ખ્યાલ તેના જન્મ વખતે કેટલી જાહોજલાલી હતી, તેના ઉપરથી આખી જિંદગી માટેનું ધોરણ તું નક્કી કર. તે જ દરઅસલ નિયમ છે.' આ તો બધું એક્સેસ (વધારા)માં જાય છે અને એક્સેસ એ તો ઝેર છે, મરી જઈશ.

કુદરતનો નિયમ એવો છે કે દરેકને એની જરૂરિયાત પ્રમાણે સુખ મળી જ આવે છે. દરેકનું 'ટેન્ડર' ભરેલું પૂરું થાય જ. જે જે જરૂરિયાત હોય તે બધી (ચીજો) ત્યાં ઘેર બેઠાં હાજર થાય.

# યુથ એક્સપિરિયન્સ





મારા લગ્ન પહેલાં જ્યારે હું અમદાવાદ રહેતી ત્યારે મને તૈયાર થવાનો અને ફેશનેબલ કપડાં પહેરવાનો બહુ શોખ હતો. લગ્ન પછી હું સીમંધર સીટી રહેવા આવી અને જોયું કે અહીં બધાં સાદાઈથી રહે છે. મને ખ્યાલ જ ન આવ્યો કે ક્યારે હું તૈયાર થવાનું ભૂલીને સાદાઈથી રહેવા લાગી. મને એવું લાગવા લાગ્યું કે, 'મારો તૈયાર થવાનો મોહ પૂરો થઈ ગયો છે.' એની જાતે જ, કોઈ પ્રયત્નો કર્યા વગર આ મોહમાંથી નીકળી ગયાનો મને ખૂબ આનંદ હતો.

થોડા સમય બાદ મારા માસીના દીકરાના લગ્ન નક્કી થયા અને અમને વ્યવહાર પ્રમાણે એના લગ્નમાં જવાનું આમંત્રણ મળ્યું. અમદાવાદથી ત્રણેક કલાક દૂર એક ગામમાં ત્રણ દિવસનો પ્રસંગ હતો, એક દિવસ ચાંલ્લા અને મામેરું, એક દિવસ રાસ-ગરબા અને પછી લગ્ન. બન્યું એવું કે, ત્યાં કોઈ સારું બ્યુટી-પાર્લર ન હતું. મારા મનમાં વિચારો શરૂ થયા, ''પહેલાં બે દિવસ તો કદાચ ચલાવી લઈશ. પણ, લગ્નના દિવસે તો તૈયાર થવું જ પડે ને. વ્યવહારમાં આવું ન સાચવીએ તો કેવા લાગીએ? લગ્નના આગલા ત્રણેક દિવસ પહેલાંથી તો એટલી તૈયારીઓ શરૂ કરી દીધી કે, જાણે મારા જ લગ્નમાં મારે તૈયાર થવાનું હોય. મારા મનમાં બસ, 'તૈયાર ક્યાં થઈશ?', 'શું કરીશ?', 'આ કપડાં-દાગીના પહેરીશ તો કેવી લાગીશ?'...

આખરે મેં અમદાવાદમાં જ એક બ્યુટી-પાર્લર બૂક કરાવ્યું અને રાસ-ગરબા પતાવીને રાત્રે ૧ વાગે ત્યાંથી નીકળીને સવારે ૪ વાગે બ્યુટી-પાર્લરમાં તૈયાર થવા ગઈ. પછી ૩ કલાકનો રસ્તો કાપી લગ્નમાં પહોંચી.

આ બન્યું પછી એક સવારે સોનેરી પ્રભાતમાં નીરુમાએ વાત કરી કે, ઘણાને એવું લાગે કે મારો મોહ જતો રહ્યો છે. પણ, જો દુકાનમાં હીરાનો હાર જુએ ને મોહ ઉત્પન્ન થઇ જાય અને શોપિંગ મોલમાં તો ઘણાં બધાં શોરૂમની ચકાચૌંધ જોઈ બધે જ ફરે અને ન ખરીદવા જેવું હોય તો પણ લઈ નાખે, એવો છે આ મોહ... એમ કેટલાય કપટ કરી નાખે. ત્યારે થયું કે, 'ભાઈ, મોહ તો ક્યાંય ગયો જ નથી.'

## શું ન કરાવે આ મોહ!!!!

# દાદાશ્રીના પુસ્તકની ઝલક






### વસ્તુના સ્પર્શે સ્ફૂરે મોહ

**પ્રશ્નકર્તા :** દાદા, મને હવે દાગીનાનો મોહ નથી પણ કપડાં જરા સારા જોઈએ હજુ.

**દાદાશ્રી :** એ બધાય મોહ જ છે. હમણાં દાગીના ના હોય અને દાગીના પહેરે ત્યારે પાછો મોહ એનોય ચડે.

**પ્રશ્નકર્તા :** ના દાદા, એની ગેરેન્ટી.

**દાદાશ્રી :** ના, એ તો હીરા પહેરેને તો હીરાનો મોહ ચડે. આ તો સ્વભાવ છે, વસ્તુ અડી કે મોહ તે ચડ્યો, મોહીને. નિર્મોહીને કશું અડે તોય વાંધોય નહીં.

એક માણસને આખી જિંદગી જેલમાં બેસી રહેવાનું થાય અને તેને ખાવાનું મળી રહે પણ જલેબી-લાડું ના મળે, તેથી કંઈ તેનો મોહ ઓછો જતો રહ્યો ? ના, અંદર તો મોહ હોય જ. મળતું નથી, માટે મોહ ગયો ના કહેવાય.

**પ્રશ્નકર્તા :** આ શરીર છે એનું સરખું ધ્યાન રાખું એવો બધો મોહ ખરો. આ જો વાળ તો સફેદ કેટલા છે, એ વાળ તો ડાઈ (કાળા) કરવાનો મોહ જાય નહીં.

**દાદાશ્રી :** હા, જાય નહીં.

**પ્રશ્નકર્તા :** એ જોઈએ, દાદા એમ જાણે થયા કરે કે જરા આમ સરખી રીતે રહીએ-કરીએ. દાગીના નહીં પણ કપડાં જરા સરખી રીતે જોઈએ.

**દાદાશ્રી :** એ તો પહેલાની આદત પડી છે તો જાય નહીં, પણ આપણે અંદરખાને કહેવું કે ચંદુભાઈ જરાક તો ફેરફાર થઈ જાવ. આમ ક્યાં સુધી કાળા વાળ કરશો ? પણ એ કાળા વાળ કર્યા વગર રહેવાના નથી પાછા.

**પ્રશ્નકર્તા :** હા, એ જ થાય છે.

**દાદાશ્રી :** કારણ કે એ તો દ્રવ્યકર્મ છે પણ ભાવ આપણે ફેરવી દેવાના.

અમેરિકામાં અમને સ્ટોરમાં લઈ જાય. હેંડો દાદા કહે. તે સ્ટોર બિચારો અમને પગે લાગ લાગ કરે, કે ધન્ય છે,

આખા સ્ટોરમાં દ્રષ્ટિ બગાડી નથી કોઈ જગ્યાએ ! અમારી દ્રષ્ટિ બગડે જ નહીં ને એની પર. અમે જોઈએ ખરા, પણ દ્રષ્ટિ ના બગડે. અમારે શી જરૂર કોઈ ચીજની ! મને કોઈ વસ્તુ કામ લાગે નહીં ને ! તારે દ્રષ્ટિ બગડી જાય ને !



# મોહના રંગે

મોહના રંગે રંગાયેલી આ દુનિયામાં ટકી રહેવા માટે આપણે શું શું કરીએ છીએ... ચાલો જોઈએ !
અમીની કૉલેજ લાઈફ હમણાં જ સ્ટાર્ટ થઇ અને આજે તે તેના મમ્મીની આતુરતાથી રાહ જુએ છે. છેલ્લા અડધા કલાકથી તેની નજર દરવાજા પર વધારે અને મોબાઈલમાં ઓછી છે.



ડોરબેલ વાગ્યો, *''ઓહ ! મોમ, વેલકમ હોમ. હું ક્યારની તારી રાહ જોઉં છું. મને થોડી ટીપ્સ જોઈએ છે.''*

*''યસ ડિયર. આજે મમ્મીના ટીપ્સની પણ જરૂર પડી જ ગઈ એમ ને!!! બોલ શું થયું? ''* મમ્મીએ કહ્યું.

''મમ્મી, તું કેટલી ફેમસ છે. મતલબ, આપણી ફેમીલીમાં બધા તને ખૂબ પ્રેમથી બોલાવે, કોઈને તારા માટે ફરિયાદ નથી. તારા ફ્રેન્ડ રીટા-આન્ટી પણ કહેતાં હતા કે તને કૉલેજમાં *''મોસ્ટ પોપ્યુલર સ્ટુડન્ટ'' નો અવોર્ડ મળ્યો હતો. મમ્મી, તારી સુંદરતાનું રહસ્ય શું છે?''* મમ્મી થોડું વિચારીને અમીને પોતાના પોપ્યુલર હોવાનું રહસ્ય કહે છે.

*તમને શું લાગે છે, એ રહસ્ય શું હશે??*

**૧. કેશ ડાયેટ કરીને બોડી મેઈન્ટેન રાખ્યું હશે?**

**૨. વેઇટ લોસ પિલ્સ લીધી હશે?**

**૩. સ્ટીરોઈડ ઈન્જેક્શન લઈને શરીરને સુડોળ બનાવ્યું હશે?**

**૪. આકર્ષક દેખાવા માટે સ્કીન વ્હાઈટનીંગ ટ્રીટમેન્ટ અને બોડી કોન્ટૂરિંગ જેવી સર્જરી કરાવી હશે?**

અમીના મમ્મીએ આમાંનું કંઈ જ કર્યું ન હતું, કારણ કે તેના પરિણામો હાનિકારક હોય છે.

ક્રેશ ડાયેટનું પરિણામ: રીસર્ચ પરથી મળ્યું છે કે, ક્રેશ ડાયેટ તમારી જઠરાગ્નિને મંદ કરે છે અને બોડીને જરૂરી પોષકતત્વો મળતા નથી. રોગપ્રતિકારક શક્તિમાં ઘટાડો કરે છે જે ડિહાઈડ્રેશન અને હૃદય રોગોનું કારણ બને છે.

વેઇટ લોસ પિલ્સ લેવાનું પરિણામ: BBC ના રીપોર્ટીંગ મુજબ, ૨૧ વર્ષની એક સ્ટુડન્ટ આ ગોળીઓ ખાધા પછી મૃત્યુ પામી હતી આ ગોળીઓ એક પ્રકારના ડ્રગ્સ છે જે અંત:સ્ત્રાવોને ડીસ્ટર્બ કરે છે જેનાથી હાર્ટરેટ વધવા, બ્લડ પ્રેશરમાં વધારો જેવા અનેક ગંભીર પ્રોબ્લેમ્સ થઈ શકે છે.

સ્કીન વ્હાઈટનીંગ ટ્રીટમેન્ટ અને બોડી કોન્ટૂરિંગનું પરિણામ: સર્જીકલ રિસ્ક જેમાં બ્લીડીંગ અને ઈન્ફેક્શનની સૌથી વધારે શક્યતાઓ છે.

સ્ટીરોઈડ ઈન્જેક્શનનું પરિણામ: સ્ટીરોઈડ એ એક પ્રકારનું ડ્રગ છે. જેની લતથી ચીડિયાપણું, આક્રમકતા, ઉદાસીનતા અથવા આત્મહત્યા કરવાની વૃત્તિઓમાં વધારો થાય છે.

*અમીની મમ્મીએ સમજાવ્યું કે, કોઈપણ વ્યક્તિની પોપ્યુલારીટીનો આધાર ઉપરની વસ્તુઓથી નહીં પરંતુ,* ***નીચે જણાવેલા ગુણો ઉપરથી થાય છે.***

**આત્મવિશ્વાસ -** પોતાની જાત પર ભરોસો રાખવો.

*પરિણામ:* જે માનસિક સ્થિરતા વધારે અને ધ્યેય તરફ આગળ વધવા માટે મદદ કરે.

**પોઝિટિવીટી -** કોઈ પણ ખરાબ કે નેગેટીવ પરિસ્થિતિમાંથી કંઈક સારું શોધી કાઢવાની શક્તિ.

*પરિણામ:* કોઈ પણ પરિસ્થિતિમાં દુ:ખ નહીં લાગે. પોઝિટિવીટીથી આસપાસના લોકો પણ ખુશ રહશે અને આવો સ્વભાવ કેળવવાથી કાર્યો સારી રીતે પૂરા કરવાની ક્ષમતા વધે છે.

**હેલ્પીંગ નેચર -** પોતાનાથી બનતી બધી જ રીતે લોકોને મદદ કરવી.

*પરિણામ:* લોકો આપણા માટે પોઝિટિવ થાય અને વડીલોના આશીર્વાદ મળે.

**લોકો સાથે સારું વર્તન -** આપણાથી મોટાઓ માટે વિનય અને નાના માટે પ્રેમ એ સદાય સુખી રહેવાની ચાવીરૂપ છે.

*પરિણામ:* જેનું સારું વર્તન હોય એ આપોઆપ લોકપ્રિય બની જાય. ખૂબ સુંદર દેખાતી વ્યક્તિ જો વાત-વાતમાં તમારું અપમાન કરશે કે પછી ખરાબ શબ્દો, તોછડી વાણીનો ઉપયોગ કરશે તો શું તમે એના મિત્ર બનવાનું પસંદ કરશો?

**ધ્યેયને વળગી રહેવું -** નક્કી કરેલા ધ્યેય પ્રમાણે ચાલવું અને સફળતા મેળવવી.

*પરિણામ:* સફળ વ્યક્તિ દરેકને ગમે છે. પછી ભલે તેનો દેખાવ સારો ન હોય કે તેના અંગોમાં ખોડ-ખાપણ હોય.

તમને શું લાગે છે? અમીએ તેના મમ્મીની ટીપ્સ પર ચાલવું જોઈએ કે બાહ્ય દેખાવના મોહમાં પોતાની જાતને નુકસાન થાય એવા સ્ટેપ્સ લેવા જોઈએ?



# જ્ઞાની વિથ યુથ



**પ્રશ્નકર્તાઃ** મને મારી જાતનો મોહ બહુ છે. તો, એ કાઢવા શું કરવું?

**પૂજ્યશ્રીઃ** જાતનો મોહ એટલે શું? ખાવા-પીવાનું એ બધું?

**પ્રશ્નકર્તાઃ** હા, એ પણ. અને ખાસ તો મારા ફોટા પાડવાનો.

**પૂજ્યશ્રીઃ** ફોટા અને સેલ્ફી પાડવાનો?

**પ્રશ્નકર્તાઃ** હા.

**પૂજ્યશ્રીઃ** એ પછી, કોને બતાડો?

**પ્રશ્નકર્તાઃ** હું પોતે જોયા કરું અને અપલોડ પણ કરું.

**પૂજ્યશ્રીઃ** પણ, અપલોડ કોને કરો?

**પ્રશ્નકર્તાઃ** બધી સોશિયલ નેટવર્કિંગ એપ્સમાં...

**પૂજ્યશ્રીઃ** એ... બધું, ગોટાળા બધા. શું કરવું છે તમારા ફોટા ગામના લોકોને પહોંચાડીને? એના કરતાં દાદાના, નીરુમાના, સીમંધર સ્વામીના કે કોઈ ભગવાનના ફોટા રાખો... કોઈ જુએ, તો એને ભાવ પણ થાય કે મારે મોક્ષે જવું છે, તમારા શરણે આવવું છે. આ તો ચામડીને હમણાં કંઈ રોગ નીકળશે ને,

તો મોટું બગડી જશે. આમાં શું મોહ કરવા જેવો છે? ફોરેન જવાનું હોય એ માટે એરપોર્ટ પર પહોંચવા માટે ગાડીમાં બેસવાને બદલે ગાડીને પંપાળ-પંપાળ કરીએ, ધો-ધો કર્યા કરીએ, સાફ કર્યા કરીએ, કલર માર્યા કરીએ અને આખો દહાડો ગાડીને વહાલ કર્યા કરીએ કે, ''મારી ગાડી કેટલી સારી...'' અલ્યા, પણ ગાડી સાધન છે. એરપોર્ટ જવાનું છોડી દઈએ તો શું થાય? અને તમારે જવું છે ફોરેન તો પહોંચી જાઓને. એમજ ગાડીની જેમ આ દેહ પણ સાધન છે. એને રૂપાળો કરશો અને ફોટા મૂકશો બધે તો કંઈ લોકો પૂજા કરશે આપણી?

**પ્રશ્નકર્તાઃ** જરાય નહિ...

**પૂજ્યશ્રીઃ** તો શું કરશે?

**પ્રશ્નકર્તાઃ** કોમેન્ટ્સ કરશે.

**પૂજ્યશ્રીઃ** અરે, લોકો નજર બગાડશે. કેટલાય ભાવો બગાડશે અને આપણો અવતાર બગડી જાય પછી. એટલે આ તો કંઈ અંદર સુખ ન હોયને ત્યારે આ બધું કરે.

એટલે નિશ્ચય કરવો જોઈએ કે, સોશિયલ નેટવર્કિંગ અને ફોટામાં ટાઇમ બગાડીએ એના કરતાં મા-બાપને પહેલાં રાજી રાખવા જોઈએ. મમ્મી-પપ્પાની સેવા કરીએ, એમની હેલ્પમાં આવીએ એ કામનું. આ, તો બધું મોહમાં જાય છે. આ તો કંઈ સુખ ન હોય ને ત્યારે બહારથી સુખ લેવા જાય. જેમ, ગંધાતો માણસ હોય ને એ સ્પ્રે કરે પછી કહે કે, ''હું કેટલો સુગંધીદાર છું.'' અલ્યા ગંધાય છે એટલે સુગંધી લાવવી પડી ને? ચોખ્ખા માણસને સુગંધીની જરૂર જ ક્યાં હોય? એટલે આ મોહ ખોટો રસ્તો છે. એના કરતાં સહજતા, સાત્વિકતા, સંસ્કારિતા અને વ્યાવહારિકતા હોય. પણ, આમ એક્સેસ એવું ન હોય કે જેથી કરીને આપણે દિવસનો અને જીવનનો ઘણો બધો સમય બગાડી નાખીએ મોહમાં.

**પ્રશ્નકર્તાઃ** મોહમાંથી નીકળવાની શક્તિ આપજો, પૂજ્યશ્રી.



# Youth App

## Today's Youth

The Official App of
Dada Bhagwan Youth Group

ANDROID APP ON Google play

Download on the App Store







**Download App now...**

for visiting **youth.dadabhagwan.org**
for downloading Free PDF of **Akram Youth magazine**
for **Subscribing** to Akram Youth Magazine
to play **JJ112 Lucky Draw**
and much more...

# #કવિતા

પરવશતાનો પાર નહીં ને પળે પળ હાલાકી છે..
તોયે છૂટવાનું ન સૂઝે, મોહ 'એના' ઘણા બાકી છે...

નથી આવવાના જે સાથે, એ સુખોની 'એને' લ્હાય છે...
ક્યારેક વ્યક્તિ ક્યારેક વસ્તુઓથી 'એ' બંધાય છે...

હજુ ક્યાંક મીઠા રસની આશે ભટકતો ફરે છે..
ક્યાંક ને ક્યાંક , કંઈક ને કંઈક માંગતો ફરે છે...

આમ તો 'એ' છે મોંઘામૂલો, પણ સસ્તામાં વેચાઈ જાય છે..
હોય ચીજ સાવ ક્ષુલ્લક, ને ચિત્ત ચોરાઈ જાય છે...

મોહથી 'મારું' અને 'મારા', ના આંટા ચઢે છે..
'પોતે' કોણ છે, એ જવાબ જ ક્યાં જડે છે?

એક મોહરાજા અને મોટી એની સેના છે..
ક્રોધ, માન, માયા, લોભ સિપાહી એના છે...

વર્ષ: ૭, અંક : ૦૫
સળંગ અંક : ૭૭
સપ્ટેમ્બર ૨૦૧૯

Date of Publication: 22nd of Every Month
RNI No. GUJGUJ/2013/53113
Reg. No. G-GNR-310/2017-2019
Valid up to 31-12-2019
LPWP Licence No . CPMG/120/2017
Valid up to 31-12-2019
Posted at Adalaj Post Office
on 22th of every month



સંસારમાં કોઈ પણ જાતના દુઃખ છે,

# તે બધાનું કારણ મોહ છે.

- દાદાશ્રી

**Send your suggestions and feedback at: akramyouth@dadabhagwan.org**
**Printed and Published by Dimple Mehta on behalf of Mahavideh Foundation-Owner.**
**Printed at : Amba Offset, B-99, GIDC, Sector-25, Gandhinagar – 382025.**